# એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ

## સમકાલીન ભારતીય ટૂંકી વાર્તા

### આયોજક

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

અને

**શ્રી મેઘમણી પરિવાર અને શ્રી ભાઇલાલભાઇ એ. પટેલ (દેત્રોજવાળા) ઉમિયા આર્ટસ અને કોમર્સ કૉલેજ ફોર ગર્લ્સ , સોલા ,અમદાવાદ**

**( ઉમિયા કે. વી . સી . એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત )**

પ્રિ. (ડૉ.) સંગીતા પી . ઘાટે
પ્રિન્સિપાલ
ઉમિયા આર્ટસ અને કોમર્સ કૉલેજ ફોર ગર્લ્સ
મો: ૯૮૯૮૯૮૮૩૮૨

પ્રા. (ડૉ.) અજય રાવલ
ગુજરાતી વિભાગ
મો: ૯૮૨૫૫૦૬૯૪૨

gujaratinationalseminar2025@gmail.com

**તા: ૧૫ - ૦૨ - ૨૦૨૫**
**શનિવાર**
**સમય : ૮:૩૦ થી ૫:૦૦**

**સ્થળ : મેઘમણી ફાઉંડેશન ઓડિટોરિયમ**
ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ કેમ્પસમાં , ઉમિયાધામની બાજુમાં , એસ . જી . હાઇ-વે , સોલા,અમદાવાદ 380014

www.umiyacollege.org

## કોલેજ અને ટ્રસ્ટ વિષે

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શ્રી મેઘમણી પરિવાર અને શ્રી ભાઈલાલભાઈ એ. પટેલ (દેત્રોજવાળા) ઉમિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ફોર ગર્લ્સ (ઉમિયા કૉલેજ) ની સ્થાપના ૧૯૯૮ માં શ્રી ઉમિયા કેવીસી એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી, જેનો મુખ્ય ઉદેશ્ય ગુજરાતના ગ્રામીણ અને અર્ધ-ગ્રામીણ વિસ્તારની કન્યાઓને ઉચ્ચ શિક્ષણ આપવાનો છે. વર્ષોથી ટ્રસ્ટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, આર્ટ્સ, કોમર્સ, બીબીએ, બીસીએ, બીએસસી, એમબીએ ,એમકોમ અને નર્સિંગ અભ્યાસક્રમોમાં શિક્ષણ આપવા માટે માળખાગત સુવિધાઓ સ્થાપિત કરી છે.

"બેટી બચાઓ, બેટી પઢાઓ"ની ઝુંબેશ તાજેતરનાં વર્ષોમાં જ થઈ છે, ત્યારે ગ્રામીણ વિસ્તારોની છોકરીઓને સારી ગુણવત્તાવાળું શિક્ષણ આપીને સશક્ત બનાવવાનો વિચાર આપણા સ્થાપકોના મનમાં ક્યારનોયે આકાર લઈ ચૂક્યો હતો. જે તેમની દૂરંદેશીતા વિશે ઘણું બધું કહી જાય છે. જેમ જેમ આપણે ૨૧મી સદીમાં આગળ વધીએ છીએ, તેમ તેમ ફક્ત માહિતી અને જ્ઞાન પર્યાપ્ત નથી; રોજગાર કુશળતા પણ એટલી જ મહત્ત્વની છે અને કેમ્પસમાં આ એક મહત્ત્વપૂર્ણ ધ્યાન કેન્દ્રિત ક્ષેત્ર છે.

અમે અમારી કૉલેજને "પ્રકાશ અને પ્રબુદ્ધતાનું મંદિર" કહીએ છીએ. અમે જ્ઞાન પ્રદાન કરવાનો પ્રયાસ કરીએ છીએ. અમે અમારી વિદ્યાર્થીનીઓને સારી ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ આપવાનો પ્રયત્ન કરીએ છીએ. શિક્ષણ-અધ્યયન પ્રક્રિયાને સુધારવા માટે વિવિધ પહેલ સતત કરવામાં આવી રહી છે.

ગર્લ્સ કૉલેજ હોવાને કારણે કેમ્પસમાં હૉસ્ટેલનું નિર્માણ એ પહેલી પ્રાથમિકતા હતી અને આ રીતે પહેલાં હૉસ્ટેલનું નિર્માણ કરવામાં આવ્યું. આજે, આસપાસના 149 ગામો અને 59 અર્ધ-ગ્રામીણ વિસ્તારોની છોકરીઓ છાત્રાલયમાં રહે છે અને તેથી ઉચ્ચ શિક્ષણનો લાભ લઈ રહી છે.

આપણે યુવાન છીએ, આપણે ઊર્જાવાન છીએ અને આપણે આપણા ધ્યેય પ્રત્યે દૃઢ નિશ્ચયી છીએ; એક નાનકડી શરૂઆતથી માત્ર બે દાયકામાં, અમે ઉમિયા કૉલેજની અંદર ૧૮૦૦થી વધુ વિદ્યાર્થીનીઓને સેવા આપવા માટે વિકસ્યા છીએ. ઉમિયા કોલેજ B.A.,B.COM.,M.COM. સાથે કૌશલ્ય વિકાસને અનુલક્ષતા વિવધ અભ્યાસક્રમો ચલાવે છે.


અમને એ કહેતા ગર્વ થાય છે કે ‘ઇન્ડિયા ટુડે’ દ્વારા અમને ૧૧ મી વખત ભારતની શ્રેષ્ઠ ૧૦૦ કૉલેજોમાંની એક અને ગુજરાતની ટોચની 3 કોલેજોમાં સ્થાન આપવામાં આવ્યું છે. અમે શિક્ષણ, રમતગમત, એનસીસી અને એનએસએસમાં અસાધારણ સિદ્ધિઓ હાંસલ કરી છે.

## ગુજરાતી સાહિત્ય પરિષદ વિષે

૧૯૦૫માં રણજિતરામ વાવાભાઈ મહેતાએ ગુજરાતી સાહિત્ય પરિષદ ની સ્થાપના કરી હતી . શ્રી ગોવર્ધનરામ માધવરાય ત્રિપાઠી પ્રથમ પ્રમુખ હતા. પછી અનેક મૂર્ધન્ય સાહિત્યકારો-ગાંધીજી સહિત આ સંસ્થાના પ્રમુખપદે રહી ચૂક્યા છે. વર્તમાન પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદી છે. ગુજરાતી સાહિત્ય પરિષદ સંસ્કારની અભિવૃદ્ધિ તેમજ વિસ્તારણને પોષવાનું લક્ષ્ય લઈને અનેકવિધ કાર્યક્રમ કરી રહી છે. પરિષદનું અદ્યતન મકાન સાબરમતી કિનારે અમદાવાદ ખાતે આવેલું છે. ગુજરાતી સાહિત્ય પરિષદનું મુખપત્ર ‘પરબ’ ઈ.સ.૧૯૬૦ના વર્ષથી સાતત્યપૂર્વક ચાલે છે; જે પ્રકાશન પ્રવૃતિનું મુખ્ય અંગ છે. ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનો અને જ્ઞાનસત્રો આજસુધી યોજાઇ ગયા છે. પરિષદની ચાર સ્વાધ્યાય પીઠો છે, જે પુસ્તક પ્રકાશન તેમજ શ્રેષ્ઠ ગુજરાતી પુસ્તકોને પારિતોષિકો અપાતા રહે છે.

ગુજરાત સાહિત્ય પરિષદ ૧૯૮૧થી શ્રી કસ્તુરભાઈ લાલભાઇ સ્વાધ્યાયમંદિર નામક સંશોધન સંસ્થાનું સંચાલન કરે છે.જેના દ્વારા કોષ પ્રકાશન અને સાહિત્યના ઇતિહાસ પ્રકાશિત થાય છે. ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ચી.મ.ગ્રંથાલય, ગ્રંથાગાર નામે પુસ્તકભંડાર ચાલે છે.

ગુજરાતની પ્રજાના સંસ્કારનું સિંચન કરતી ગુજરાત સાહિત્ય પરિષદ એક અગ્રગણ્ય સંસ્થા બની છે.



એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદમાં શોધપત્ર માટે આપ સહુ નું સ્વાગત છે.

## સમકાલીન ભારતીય ટૂંકી વાર્તા :

અંગ્રેજી કેળવણીને લીધે અર્વાચીન ભારતીય સાહિત્યમાં નિબંધ ,નવલકથા, ટૂંકી વાર્તા જેવા ગદ્ય સ્વરૂપો લખાવા લાગ્યા. ભારતીય ભાષાઓ જેવી કે ગુજરાતી,હિન્દી ,મરાઠી ,બંગાળી, ઉડિયા, તમિલ, મલયાલમ વગેરેમાં ટૂંકી વાર્તાઓ લખતી થઈ. આજે તો દરેક ભારતીય ભાષાઓમાં સમૃદ્ધ કહેવાય એવી ટૂંકી વાર્તાની પરંપરા સ્થિર થઈ છે. ભારતીય ભાષાઓમાં લખાતી ટૂંકી વાર્તાઓમાંની સાંપ્રત સ્થિતિ , તેના વાર્તાપ્રવાહો ને 'સમકાલીન ભારતીય ટૂંકીવાર્તા' શીર્ષક હેઠળ જોવા-તપાસવા માટે આ પરિસંવાદની મથામણ છે. આથી ગુજરાતી હિન્દી ,મરાઠી , બંગાળી, તમિલ તથા અંગ્રેજી ભાષા વિષે અભ્યાસીઓ અભ્યાસ કરીને નિરીક્ષણો આપે તથા અન્ય ભાષાઓની સાંપ્રત સ્થિતિની તુલના પણ થાય એવો આશય આ પરિસંવાદનો છે.

## વિષય અને પેટા વિષય

૧) સમકાલીન ભારતીય ટૂંકીવાર્તા

૨) સમકાલીન ગુજરાતી ટૂંકીવાર્તા

૩) સમકાલીન ગુજરાતી ટૂંકીવાર્તામાં નારી ચેતના

૪) સમકાલીન ગુજરાતી ટૂંકીવાર્તામાં દલિત ચેતના

૫) સમકાલીન ગુજરાતી ટૂંકીવાર્તામાં ગ્રામચેતના

૬) સમકાલીન હિન્દી ટૂંકીવાર્તા

૭) સમકાલીન હિન્દી ટૂંકીવાર્તામાં સ્ત્રીચેતના

૮) સમકાલીન હિન્દી ટૂંકીવાર્તામાં સ્ત્રી વાર્તાકારોનુ યોગદાન

૯) મરાઠી વાર્તાની આજ કાલ

૧૦) સમકાલીન ભારતીય અગ્રેજી ટૂંકીવાર્તાઓ

૧૧) સમકાલીન ભારતીય ટૂંકીવાર્તા - તુલનાત્મક અભ્યાસ

૧૨) તમિલ વાર્તાઓ વિષે નોંધ

## સહભાગિતા : આ પરિસંવાદમાં કોણ ભાગ લઈ શકે ?

૧) શોધ છાત્ર

૨) અધ્યાપકો

૩) સાહિત્યકારો

## શોધપત્ર માટેના હેતુ સૂચનો

૧) શોધપત્ર સેમિનાર માટે જણાવેલા વિષય અનુસાર હોય .

૨) શોધપત્રની રૂપરેખા (abstract) મહત્તમ ૨૦૦ શબ્દોમાં હોવી જોઈએ .

૩) શોધપત્રની રૂપરેખા (abstract) મોકલવાની છેલ્લી તારીખ ૧૫ /૦૧ /૨૦૨૫ છે .

૪) શોધપત્ર (Final Paper) મોકલવાની છેલ્લી તારીખ ૩૦ /૦૧ /૨૦૨૫ રહેશે .

૫ ) શોધપત્ર માટેની શબ્દ મર્યાદા ૧૫૦૦ થી ૨૦૦૦ રહેશે .

૬) શોધપત્ર - યુનિકાર્ડ ફૉન્ટમાં , ફૉન્ટ સાઇઝ ૧૨ અને શીર્ષક માટે ફૉન્ટ સાઇઝ ૧૪ રહેશે .

૭) પસંદગી પામેલ શોધપત્રો ISBN સાથે પુસ્તકરૂપે પ્રકાશિત થશે .

૮) પ્રકાશન અંગેનો અંતિમ નિર્ણય સંપાદક મંડળ નો રહેશે .

૯) એક દિવસીય પરિસંવાદ હોવાથી નિવાસની વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવેલ નથી.

૧૦) પરિસંવાદ માં આપેલ શોધપત્ર માટે e - certificate આપવામાં આવશે.

**Email ID for paper submission: (શોધપત્ર મોકલવા માટે )**
**gujaratinationalseminar2025@gmail.com**

| રજીસ્ટ્રેશન શુલ્ક માહિતી | | |
|---|---|---|
| | માત્ર સહભાગિતા માટે | પેપર પ્રકાશન સાથે |
| શોધ છાત્ર | ૨૦૦ | ૫૦૦ |
| અધ્યાપક / સાહિત્યકાર | ૩૦૦ | ૫૦૦ |

link for Registration:
https://forms.gle/B3ByUE1Yk3fj7RDS6

Scan for Registration

| Payment Details | |
|---|---|
| Bank Name | Indian Overseas Bank |
| Account Holder Name | SHRI MEGHMANI PARIVAR & B.A PATEL(DETROJWALA) UMIYA ARTS & COMM. COLLEGE FOR GIRLS |
| Account Number | 218801000003078 |
| IFSC Code | IOBA0002188 |

Scan For Payment

SCAN to PAY from any UPI App

SHRI MEGHMANI PARIVAR

UPI ID: 9023486576@IOB

## ચીફ પેટ્રોન

શ્રી જયંતિભાઈ પટેલ - પ્રમુખશ્રી શ્રી ઉમિયા કે. વી. સી. એજ્યુકેશન ટ્રસ્ટ

## પેટ્રોન

શ્રી હર્ષદ ત્રિવેદી - પ્રમુખશ્રી ગુજરાતી સાહિત્ય પરિષદ
શ્રી સમીર ભટ્ટ - મહામંત્રી ગુજરાતી સાહિત્ય પરિષદ
શ્રી ભીખેશ ભટ્ટ - ગુજરાતી સાહિત્ય પરિષદ
શ્રીમતી સંધ્યા ભટ્ટ - ગુજરાતી સાહિત્ય પરિષદ
શ્રી ભરત મહેતા - ગુજરાતી સાહિત્ય પરિષદ
શ્રી પરીક્ષિત જોષી - ગુજરાતી સાહિત્ય પરિષદ
શ્રીમતી સેજલ શાહ - ગુજરાતી સાહિત્ય પરિષદ
શ્રી ચંદુભાઈ પટેલ - ઉપપ્રમુખ શ્રી ઉમિયા કે. વી. સી. એજ્યુકેશન ટ્રસ્ટ
શ્રી સુનિતભાઈ પટેલ - મહામંત્રી શ્રી ઉમિયા કે. વી. સી. એજ્યુકેશન ટ્રસ્ટ
શ્રી પ્રવીણભાઈ પટેલ - મહામંત્રી શ્રી ઉમિયા કે. વી. સી. એજ્યુકેશન ટ્રસ્ટ
શ્રી દામોદરભાઈ પટેલ - મહામંત્રી શ્રી ઉમિયા કે. વી. સી. એજ્યુકેશન ટ્રસ્ટ
શ્રી હિતેન્દ્રભાઈ પટેલ - મહામંત્રી શ્રી ઉમિયા કે. વી. સી. એજ્યુકેશન ટ્રસ્ટ
શ્રી કિરીટભાઈ પટેલ - મહામંત્રી શ્રી ઉમિયા કે. વી. સી. એજ્યુકેશન ટ્રસ્ટ

## સેમિનાર નિયામક

પ્રિ . ડૉ. સંગીતા પી. ઘાટે

## સંયોજક

ડૉ. અજય રાવલ

## સહ સંયોજક

પ્રો . અરુણ પરમાર
પ્રો. શ્રુતિ ગજ્જર

## આયોજન સમિતિ

ડૉ. રુપલ પટેલ (અધ્યક્ષ , અંગ્રેજી )
ડૉ. શિલ્પા પટેલ ( અધ્યક્ષ , કોમર્સ )
ડૉ. અજીથા નાયર (અંગ્રેજી)
ડૉ. દિનેશ કણઝરીયા ( અધ્યક્ષ , સમાજશાસ્ત્ર )
ડૉ. મનીષ ચુડાસમા (કોમર્સ)
ડૉ. બિપીન વાઘેલા (સમાજશાસ્ત્ર )
ડૉ. જીગર જોષી ( અંગ્રેજી )
ડૉ. કુંજવિહારી મકવાણા (અધ્યક્ષ , મનોવિજ્ઞાન)
પ્રો. સ્વાતિ પટેલ (મનોવિજ્ઞાન)
પ્રો. હીના પટેલ (સમાજશાસ્ત્ર)
પ્રો. મીનાબા જાડેજા (હિન્દી)
પ્રો. મીલીન દાનક (કોમર્સ)
પ્રો. પરાશર દવે (કોમર્સ)
પ્રો. નકુલ સોલંકી (કોમર્સ)
પ્રો. નિરજ વ્યાસ (કોમર્સ)
પ્રો. દિનેશ પટેલ (કોમર્સ)
પ્રો.અર્ચના જાની (કોમર્સ)
પ્રો. બ્રિજેશ પ્રજાપતિ ( શારીરિક શિક્ષણ )
શિલ્પા મિસ્ત્રી ( લાઇબ્રેરિયન)